તા. ૨૬/૩/૨૦૨૦ - ગુરુવાર - ખબર (૫૬)

# ચેમ્બર ઓફ કોમર્સ ખાતે વિવાદ સે વિશ્વાસ યોજના અંગે સેમિનાર યોજાયો

ખબર-જામનગર

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જામનગર બ્રાન્ચ ઓફ ડબ્લ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈ તથા ધી જામનગર ટેક્ષ કન્સલટન્ટ એસોસીએશનના સંયુક્ત ઉપક્રમે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ 'વિવાદ સે વિશ્વાસ યોજના' અંગે જામનગર ચેમ્બર ખાતે એક માર્ગદર્શક સેમિનાર તા. ૪ ના રોજ યોજાયો હતો. આ સેમિનારમાં આવકવેરા કચેરીના અધિકારીઓમાં પ્રિન્સીપાલ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ ફતેહસિંહ સીરોવા, એડીશ્નલ કમિશ્નર ઓફ નમીતા ખુરાના તથા જોઈન્ટ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ પી.એલ.ભલ્લા તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજાએ તેમના સ્વાગત પ્રવચનમાં ચેમ્બર દ્વારા યોજાતા માર્ગદર્શન કાર્યક્રમો અંગે જાણકારી આપેલ અને જણાવેલ કે વિવાદ સે વિશ્વાસ યોજનાની માહિતી માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે તમામ ઉપસ્થિતોનું સ્વાગત કર્યું હતું. ચેમ્બરના હોદેદારો દ્વારા મહેમાનોને પુષ્પગુચ્છ અર્પણ કરેલ અને સંસ્થાના પુર્વ પ્રમુખઓ દ્વારા મહેમાનો અર્પણ કરવામાં આવ્યું હતું. ચેમ્બર વિશેની માહિતી સંસ્થાની ઈન્કમટેક્સ અને કોર્પોરેટ લૉઝ પેનલના ચેરમેન કમલેશભાઈ રાઠોડે આપી હતી.

વિવાદ સે વિશ્વાસ યોજના અંગે ઓડીયો વિઝયુલના માધ્યમથી એડીશ્નલ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ નમીતાબેન ખુરાનાએ સમજણ આપી હતી. તેમણે આ યોજના કોને લાગુ પડશે, કેવા સંજોગોમાં લાગુ પડે તેના વિગતવાર માહિતી આપી હતી.




મુખ્ય મહેમાન ફતેહસિંહ સીરોવા, પ્રિન્સીપાલ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષે તેમના ઉદબોધનમાં આ યોજના માટે માર્ગદર્શન સેમિનારના આયોજન માટે ટુંકા સમયગાળામાં ચેમ્બરે આયોજન કરેલ તેને બિરદાવી તેમણે જણાવેલ કે ભારત સરકારની આ ખુબજ સારી યોજના છે. તેમણે કરવેરા સલાહકારોને જણાવેલ કે તેમના કલાઈન્ટોને આ યોજનાનો લાભ લેવા સલાહ આપી હતી. આ યોજનાના ક્રાઈટેરીયામાં આવતા કરદાતાઓને આ યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો. તેમજ ૧૫ માર્ચ સુધીમાં એવાન્સ ટેક્ષ ભરવા અપીલ કરી હતી. તેમણે વધુમાં જણાવેલ કે તેમની પાસે આવતા પ્રશ્નો કે ફરીયાદોનો તેઓ નિકાલ કરવા પ્રયત્નો કરે છે. તેમજ ઈન્કમટેક્ષના રીફન્ડ અને અન્ય પ્રશ્નો માટે રૂબરૂ પધારવા જણાવેલ તેમજ પ્રશ્નોના નિરાકરણ માટે ખાત્રી આપેલ હતી કરદાતાના ફાયદા માટે ઘણા પગલાં લેવાય છે તેની માહિતી આપી હતી.

સેમિનારનું સંચાલન સંસ્થાના માનદ મંત્રી અક્ષતભાઈ વ્યાસે કર્યું હતું. તેમજ સેમિનારના અંતે સંસ્થાના માનદ સહ મંત્રી કુણાલભાઈ શેઠે આભારદર્શન કર્યું હતું.